## ગુજરાત જાહેર સેવા આયોગ

## છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## -: અગત્યની જાહેરાત: -

## (પ્રમાણપત્રો અપલોડ કરવા બાબત)

### જાહેરાત ક્રમાંક: ૧૨૧/૨૦૨૫-૨૬

### જગ્યાનું નામ: મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ (મ.ન.પા.)

આયોગ દ્વારા મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ (મ.ન.પા.) (જાહેરાત ક્રમાંક: ૧૨૧/૨૦૨૫-૨૬) ની પ્રાથમિક કસોટી બાદ આયોગની વેબસાઇટ પર તા.૨૪/૦૬/૨૦૨૬ના રોજ અરજી ચકાસણીને પાત્ર કુલ-૨૬૦ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અનુસંધાને અરજી ચકાસણીને પાત્ર તમામ ઉમેદવારોએ આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો/આધાર પુરાવા યોગ્ય રીતે કાળજીપૂર્વક **તા.૦૧/૦૭/૨૦૨૬ ૧૩:૦૦ કલાકથી તા.૧૦/૦૭/૨૦૨૬ ૨૩:૫૯ કલાક સુધી**માં અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપો-આપ અપાત્ર બનશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

**ખાસ નોંધ:**

(૧) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ-૪) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.**(પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ-૪ જાહેરાતની જોગવાઈને સુસંગત એટલે કે, તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૧૦/૦૭/૨૦૨૬ દરમિયાનનું જ માન્ય ગણાશે.)**

(૨)  આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫.૦૧.૨૦૧૯ તથા તા.૧૩.૦૯.૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજી)માં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં જાહેરાતની જોગવાઈને સુસંગત **તા.૧૧/૦૭/૨૦૨૩ થી તા.૧૦/૦૭/૨૦૨૬** દરમિયાન ઈસ્યુ થયેલ પાત્રતા પ્રમાણપત્ર જ માન્ય ગણાશે.

**ખાસ નોંધ- આયોગ દ્વારા ઉમેદવારોને ઓનલાઇન પ્રમાણપત્રો અપલોડ કરવા સંબંધે અલગથી પત્ર પાઠવવામાં આવશે નહીં. તેથી પત્રની રાહ ન જોતાં, નિયત સમયમર્યાદામાં જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે.**

સહી/-

સ્થળ: ગાંધીનગર                                                     નાયબ સચિવ

તારીખ:૩૦/૦૬/૨૦૨૬                                                   ગુજરાત જાહેર સેવા આયોગ